

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

ચોખ્ખા આરોગ્ય તંત્ર પર કોરોના ચરકી ગયું!
શાળા સમયપત્રક-શિક્ષણને ભરકી ગયું!
મરકી ગયું સ્મિત સરકારી સંકલન પર -
પારદર્શી વહીવટતની ડંફાસો પરખી ગયું !
(કોરોનાના પ્રત્યાઘાત)

હાઈકુ

છે અસ્તવ્યસ્ત !
પાચન - તંદુરસ્તી -
કોરોના પછી -

નથી ઠેકાણાં
નિયમ પાલનમાં -
લાગી છે આગ!

### ચિંતન

**મારગ સોઈ જા કહું જોઈ ભાવા, પંડિત સોઈ જો ગાલ બજાવા ।**
**મિથ્યારંભ દંભ રત જોઈ, તા કહું સંત કહુઈ સબ કોઈ ॥**

ઉપરોક્ત સાખી તુલસીકૃત રામાયણમાંથી લેવામાં આવેલ છે.

કલિયુગમાં ધર્મ-સંપ્રદાય પંથ એટલા બધા ફૂટી નીકળશે. એક ઘરમાં પિતા એક ધર્મ પાતળો હશે, પુત્ર બીજો, પત્ની ત્રીજો. લોકો જેને જે સારું લાગશે, ફાયદો જણાશે તે ધર્મપંથ ચાલશે. ભાષણ-વકતવ્યમાં હસાહસ - રમૂજ દ્વારસા જે ખાલીખોટા બકવાટ કરશે તેની ગણના પંડિતમાં થશે.

પહેલાં પેઢી દર પેઢી એક જ ધર્મનું ચુસ્ત પાલન થતું. કુલના ધર્મ નિયમથી કોઈ ચલિત ન થતા. ગુરુઓની આજ્ઞાનું સદૈવ પાલન થતું.

હવે વર્ણભેદ ન રહેતા પતિ હિન્દુ હોય અને પત્ની વિધર્મી હોય. બંને પોતપોતાના ધર્મનું એક છત નીચે જ પાલન કરતાં હોય. ધર્મમાં પણ વિકૃતિ અને ભ્રષ્ટાચાર આવ્યા. સાધુ-કથાકારો લોકોને આકર્ષવા ધર્મની વાત ઓછી અને સંગીત-રમૂજ વધારે કરી ખોટી રીતે 'ગાવા-બજાવા' ની મહેનત કરી પાખંડ કરશે.

આ કલિયુગના સંતો અને સત્સંગની વાત.

### સુવિચાર

- ઢળતી સંધ્યાએ વ્યક્તિનાં મનોવલણો સપાટી પર આવતાં હોય છે.
  જેવું જીવન - એવી જ સંધ્યા - **ગિજુભાઈ ભરાડ**
- સંતાનોને સલાહ આપતી વખતે માતાપિતા એ સૂચન,
  ટકોર અને ટકટકનો ભેદ પણ સમજવો જોઈએ - **એસ. ભટ્ટાચાર્ય**
- મનથી જોડાયેલા સભ્યોનું સંયુક્ત કુટુંબ હોય તો જ તે ઉત્તમ છે - **જીવનપાથેય**
- ભલે સાચું ન લાગે પરંતુ સંતાનોની વાતોમાં દેવોની વાણી હોય છે,
  એને ઉકેલતાં આવડે તો જીવન ધન્ય થઈ જાય છે - **બોધિવૃક્ષ**
- કોઈ પણ ક્ષેત્રમાં સફળ થવું હોય તો તમારી પાસે વેદ હોવો અને સાથે પ્રસ્વેદ (પુરુષાર્થ)
  પણ હોવો જોઈએ - **જન્મભૂમિ**
- પુરુષાર્થના શિખરે પહોંચ્યા પછી જો તે શિખરે પરમ કૃપાનું
  વાદળ અથડાય તો જ તેમાંથી ગંગા નીકળે - **મોરારિ બાપુ**
- આજનું ઔષધ : નાગરવેલના સાત નંગ પાન પીસીને પેસ્ટ બનાવી એમાં ચપટી સિંધવ નમક મેળવી નવશેકા પાણી સાથે ખાવાથી હાથીપગામાં લાંબા સમયે રાહત થાય છે. **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એક ગામથી ત્રણ કિલોમીટર દૂર પહાડ પર એક સુંદર મંદિર હતું. એક યુવાનને ત્યાં જવાની ઈચ્છા થઈ. પણ ઘરવાળાએ મનાઈ કરી દીધી. પણ યુવાન કોઈને ખબર ન પડે તેમ મધરાતે ફાનસ લઈ ગામના છેડા સુધી ચાલ્યો. અને એણે ગણિત લગાવ્યું. અંધારી રાત છે હજી બે કિલોમીટર કાપવાના છે. ફાનસનો પ્રકાશ તો ત્રણેક ફુટનો જ રસ્તો બતાવી શકે તેમ છે. તો બે કિલોમીટરનો પહાડ કેવી રીતે ચડાશે? નિરાશ થઈને બેસી ગયો. ઘરે પાછો ફરતો હતો ત્યાં એક વડિલ હાથમાં મીણબત્તી સળગાવીને નીકળ્યા. યુવાને પૂછ્યું, 'દાદાજી, કયાં જાવ છો?' વડીલે કહ્યું, 'પહાડ પર મંદિર દર્શન કરવા.' યુવાને કહ્યું, 'આપ ગણતરી તો કરો, મારી પાસે ફાનસ છે કે જેનો પ્રકાશ ત્રણ ફુટના રસ્તાને અજવાળે છે. તો બે કિલોમીટર કાપવા કેટલાં ફાસન જોઈશે ?' આપની પાસે તો સાવ નાની મીણબત્તી છે.' વડીલે કહ્યું, 'ભાઈ, હિંમત રાખ, મારી પાસે તો મીણબત્તી જ છે તેનો પ્રકાશ તો કેવળ એક ડગલું જ જાય છે, તમારી પાસે તો ફાનસ છે તેનો પ્રકાશ ત્રણ ફુટ જાય છે. જો તમે એક ડગલું ચાલશો, તો પ્રકાશ પણ એક ડગલું આગળ જશે. શ્રદ્ધા જોઈએ. તમે ફાનસ લઈને આગળ ચાલો એટલે પ્રકાશ પણ ચાલે, આ જ પ્રકાશ તમને મંદિર સુધી પહોંચાડી દેશે.' સાર એ છે કે અનુગ્રહ પર ભરોસો રાખશો, ત્યારે તમે શ્રદ્ધાવાન બની શકશો.

# હેપ્પી ન્યુ ઈયર : વેકલમ ૨૦૨૧

### તંત્રીસ્થાનેથી...

એકવીસમી સદીનું એકવીસમું વર્ષ બેસી ગયું છે. વૈશ્વિક ખ્રિસ્તી પંચાંગ મુજબ નવો દિવસ સૂર્યોદયથી નહીં પણ મધરાતના બાર વાગ્યે શરૂ થતો હોઈ આપણાથી ઉગમણા દેશોમાં એની ઊજવણી વહેલી શરૂ થાય અને આપણાથી આથમણાં દેશોમાં આપણાં કરતાં મોડી. આ નવા વર્ષની વિશેષતા એ છે કે તે એક વિકટ અનુભવ પછી પ્રગટ્યું છે. અનેક ખરાબ વર્ષો પૃથ્વીવાસીઓએ જોયાં છે. પણ એમનો વ્યાપ મર્યાદિત વિસ્તારો પૂરતો રહ્યો હતો. ૨૦૨૦ની આફત એક સામટી આખી દુનિયાને સ્પર્શી છે. ઈશ્વરનો પ્રાદુર્ભાવ પણ વિકટ સંજોગોમાં થતો રહ્યો છે. શ્રીકૃષ્ણ શ્રાવમની અંધારી મેઘલી રાતે, બરાબર મધરાતે, કંસની જેલમાં જનમ્યા હતા તે ભૂલવું ન જોઈએ. એટલે આપણે નવા વર્ષ પાસે પણ એવાં જ પરાક્રમોની અભિલાષા રાખીએ તો એમાં કશું ખોટું નથી. કાળી ડિબાંગ રાત્રીને અંતે ઉષાનાં રળિયામણાં પગલે પ્રભાત પ્રગટે છે ચાઈનીઝ કોરોનાથી ગ્રસ્ત અને ત્રસ્ત માનવજાત માટે નવા વર્ષનો સૂર્ય સ્વાસ્થ્ય અને સુકૂનનો સંદેશ લઈને ઊગ્યો છે. ચાલો, આપણે તમામ પ્રકારની નેગેટિવ બાબતો ભૂલી જઈ હવે જે કંઈ થશે તે સારું જ થશે - એવી સકારાત્મક અને હકારાત્મક વિચારસરણી કેળવીએ. માનવીનું મન પ્રચંડ શક્યતાઓ સંકોરવાની ક્ષમતા ધરાવતું દિવ્ય શસ્ત્ર છે. એને આપણે સૌ એક જ દિશામાં વાળીએ તો જરૂર અખંડ ઊર્જાસ્રોત બની એ આપણને અખૂટ જીવનબળ પ્રેરી શકે. નવું વરસ ફિનિક્સ પંખીની જેમ પોતાની જ રાખમાંથી બેઠા થઈ ફરી ઉડ્ડયન ભરવાની તાકાત આપવા આવ્યું છે. કાળા માથાના માનવીએ અનેક આફતો અને પડકારો ઝીલવાની ક્ષમતા આદિઅનાદિથી કેળવેલી છે. એણે કુદરત સામે કદી નમતું નથી જોખ્યું. પ્રતિકૂળ સંજોગો સરજાતા જીવસૃષ્ટિનાં મહાકાય વિકરાળ ડાયનાસોર અને મેમોથ જેવાં પ્રાણીઓ લુપ્ત થઈ ગયાં છે. માનવીએ જાતે જીવસૃષ્ટિની ઘણી પ્રજાતિઓનો નાશ કર્યો છે. પરંતુ ભયંકર આફતો ઝીલીને પણ માનવીનો વંશવેલો અકબંધ અને અડીખમ રહ્યો છે. આ આંતરિક 'જિજીવિષા' અર્થાત્ જીવવાની ઈચ્છા અને 'વિજિગીષા' એટલે કે જીવવાની ઈચ્છા અન્ય કોઈ પણ જીવની સરખામણીએ મનુષ્યમાં વધારે પ્રમાણમાં છે. એથી વાઘ-સિંહ કે હાથી જેવા જીવોને બચાવવાના પ્રયાસો પણ ખુદ મનુષ્ય હાથ ધરતો રહ્યો છે ત્યારે માંડ એમનું અસ્તિત્વ ટક્યું છે. જયારે મનુષ્ય પ્રલયકારી પરિસ્થિતિમાં પણ હેમખેમ રહ્યો છે. કોરોનાની નવી નવી પ્રજાતીઓ પેદા થવાની સંભાવના વચ્ચે નવા વર્ષમાં પણ પૂરી સાવધાની સાથે વર્તવાની તાકીદ તજજ્ઞો કરતા રહે છે. એ સંજોગોમાં ઈશ્વરજ આખી પરિસ્થિતિ પલટી શકે છે. એ સર્વજ્ઞ, સર્વવ્યાપી અને સર્વ શક્તિમાન વિશ્વંભર પર ભરોસો રાખી આપણે નવા વરસને 'પુનશ્ચ હરિૐ' કહી વધાવીએ અને પોતપોતાની વ્યાવસાયિક પ્રવૃત્તિમાં વ્યસ્ત થઈ જઈએ. બાળખો માટે નવું વર્ષ શાળા કૉલેજોમાં રાબેતા મુજબની શિક્ષણ વ્યવસ્થા પુનઃસ્થાપિત કરનારું નીવડે, એમની શૈક્ષણિક કારકિર્દી પર લાગેલી બ્રેક વહેલી તકે છૂટી શકે અને ફરી એક વાર શૈક્ષણિક સંકુલો ધમધમતાં થાય, ધંધા રોજગારનો મંદ પડેલો પ્રવાહ ફરી એની મૂળ ગતિએ પહોંચી નવાં આર્થિક સોપાનો સર કરે અને વિશ્વનાં તમામ રાષ્ટ્રો મહામારીના સામના માટે એક મંચ પર આવી એને નેસ્તનાબૂદ કરી માનવીની સર્વોપરિતા હાંસલ કરે એવી પરમેશ્વરને પ્રાર્થના કરીએ. કસોટી તો સોનાની જ હોય, કથીરની નહીં. એ મુજબ જયારે આખું વિશ્વ કુદરતની કસોટીની એરણે ચડ્યું છે ત્યારે ઈશ્વર એને એમાંથી હેમખેમ ઉગારી જીવનના વધુ ઉદાર અને ઉદાત્ત માર્ગે વાળે એવી પ્રાર્થના કરીએ. સંકટ વખતે એનો સામનો કરવાની દિવ્ય શક્તિ પણ આપોઆપ પ્રગટતી હોય છે. એ શક્તિનો અહેસાસ આપણે સૌએ વધતા-ઓછા પ્રમાણમાં આ 'કોરોનાકાંડ' દરમિયાન અનુભવ્યો છે. અલબત્ત, કુદરત સામેના અમાનુષ વ્યવહારનો બદલો પણ માનવજાતને ચૂકવવો પડ્યો છે. પણ એથી મળેલો બોધપાઠ આખી માનવજાત માટે સદીઓ સુધીનું ભાથું બની રહે એમ છે. 'ગાંધીનગર સમાચાર' એના આદરણીય વાચકોના સ્વાસ્થ્ય અને સમૃદ્ધિની કામના કરે છે અને તમામ નગરજનોને સરકારને, સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓને તથા સમગ્ર જનસમુદાયને નવા વરસની હાર્દિક મુબારકબાદી પાઠવે છે. આ તબક્કે કોરોના સામેની લડતમાં ખરો મોરચો સંભાળનારા ફ્રંટલાઈન વૉરિયર્સ કેમ ભુલાય! એમને બધાને અંતઃકરણપૂર્વક વંદન અને નૂતન વર્ષાભિનંદન...

# માત્ર સાત જ શ્લોકની ગીતા



અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા

વિસ્તારને મહત્ત્વ છે, એટલું જ મહત્વ સંક્ષેપને પણ છે.

શ્રીમદ્ ભગવદ્ગીતા સાતસો શ્લોકની છે, પરંતુ માત્ર સાત જ શ્લોકની ગીતા પણ છે. એનું નામ જ છે : 'સપ્તશ્લોકી ગીતા'.

(૧) ૐ એ એક અક્ષરનું બ્રહ્મ છે. મને મનમાં રાખીને, જો કોઈ એનું ઉચ્ચારણ કરે, તો પોતાનો દેહ છોડી દીધા પછી, એ પરમ ગતિએ પામે છે.

(૨) હે ઈન્દ્રિયવિજેતા શ્રીકૃષ્ણ! તારી કીર્તિને કારણે જગત આનંદ પામે કે તને સ્નેહ કરે. બધા અનિષ્ઠો ભયપામીને ભાગી જાય, કે બધા સિદ્ધપુરુષો તને પ્રણામ કરે - તો આ બધું યોગ્ય જ છે.

(૩) તું બધી બાજુએ હાથીથી, પગથી, આંખથી, મુખથી કે શ્રોત્રથી લોકમાં છવાયેલો છે, બધાને આવરી લઈને, રહેલો છે.

(તારી ગતિ બધે છે, તારી દૃષ્ટિ બધે છે, તારું શ્રવણ બધે છે. તું સર્વત્ર છે.

(૪) તે જ્ઞાની, આદિપુરુષ, શાસક, સૂક્ષ્મથી પણ સૂક્ષ્મ, સૌ કોઈને ધારણ કરનારો, અચિતન્ય રુપ વાળો સૂર્ય સમા વર્ણનો અને અંધકારથી પર છે. આ રીતે જે કોઈ તને યાદ રાખે છે; એ પરમ ગતિ પામે છે.

(૫) એના મૂળ અધ્ધર છે. એની ડાળીઓ નીચે છે, વેદો એનાં પાંદડાં છે આ સનાતન પીપળો છે આને જે જાણી લે છે, એ જ વેદને જાણે છે.

(પરમાત્મા સર્વોચ્ચ છે. સંસારની એની પાસે નીચે છે. વેદો આનો આવિષ્કાર છે.)

(૬) હું દરેકનાં હૃદયમાં રહેલો છું, મારે કારણે જ સૌ કોઈમાં જ્ઞાન, સ્મૃતિ અને તેનું વિલોપન છે. બધા વેદો થકી હું જ જાણવા યોગ્ય છું. વેદાન્ત મેં જ પ્રગટ કર્યું છે. હું વેદોનો જ્ઞાતા છું.

(૭) તું મારામાં મન પરોવ. મારો ભક્ત બની રહે. મારી પૂજા કર. મને નમસ્કાર કર. મારામાં મગ્ન રહે મારી સાથે તારા આત્માને જોડેલો રાખ. ચોક્કસ પણે તું મને જ પામીશ.

આ સાત શ્લોકને અંતે પુષ્તિકા - અંતિમ પંક્તિ આપી છે :

શ્રીમદ્ ભગવદ્ગીતા ઉપનિષદ છે. આમાં આત્મવિદ્યા છે, યોગશાસ્ત્ર છે, આમાં શ્રીકૃષ્ણ અને અર્જુનનો સંવાદ છે. આમાં 'સપ્તશ્લોકી ગીતા'છે તે આ રીતે સંપૂર્ણ થાય છે.

આ સાત શ્લોક ભદવદ્ગીતામાંથી મળે છે, તે આ રીતે છે :

૧. અધ્યાય-૮, શ્લોક-૧૩
૨. અધ્યાય-૧૧, શ્લોક-૩૬
૩. અધ્યાય-૧૩, શ્લોક-૧૩
૪. અધ્યાય-૮, શ્લોક-૯
૫. અધ્યાય-૧૫, શ્લોક-૧
૬. અધ્યાય-૧૫, શ્લોક-૧૫
૭. અધ્યાય-૯, શ્લોક-૩૪

સપ્તશ્લોકી ગીતાની પુષ્તિકા છે, એ પણ ગીતામાં દરેક અધ્યાય પછી આવે, એવી જ છે.

સમગ્ર ગીતામાંથી પોતાને જે ઉત્તમ લાગ્યા હોય, એવા સાત શ્લોક પસંદ કરીને આમાં સંકલિત છે.

# રાજયપાલ કોની મરજી હોય ત્યાં સુધી હોદ્દા પર રહી શકે છે?



ખજાનો
અનિલ પટેલ

### ભારતની રાજનીતિ

૧ સર્વપ્રથમ રાષ્ટ્રીય કટોકટીની જાહેરાત કયારે કરવમાં આવી હતી?
(અ) ૨૬ ઓકટોબર, ૧૯૬૨ (બ) ૨૬, જાન્યુઆરી, ૧૯૬૨
(ક) ૨૬ સપ્ટેમ્બર, ૧૯૬૨ (ડ) ૨૬ ડિસેમ્બર, ૧૯૬૨

૨ વિલેજ કોર્ટ એટલે શું ?
(અ) લોકઅદાલત (બ) ન્યાય પંચાયત
(ક) કોર્ટ પંચાયત (ડ) વીલેજ પંચાયત

૩ કયાં બંધારણીય સુધારા દ્વારા સિક્કીમને ભારતનું ૨૨મું રાજય જાહેર કરાયું?
(અ) ૩૬મો સુધારો (બ) ૩૭મો સુધારો
(ક) ૩૮મો સુધારો (ડ) ૩૯મો સુધારો

૪ ઓપરેશન બ્લેકબોર્ડનો સંબંધ કોની સાથે છે ?
(અ) ઉચ્ચ શિક્ષણ (બ) પ્રૌઢ શિક્ષણ
(ક) માધ્યમિક શિક્ષણ (ડ) પ્રાથમિક શિક્ષણ

૫ ભારતનું બંધારણ કોના દ્વારા સ્વીકારાયું છે ?
(અ) ભારતની સંસદ (બ) ભારતની જનતા
(ક) બંધારણ સભા (ડ) રાજસભા

૬ નીચેનામાંથી કઈ ભાષાનો સમાવેશ બંધારણની આઠમી અનુસૂચિમાં કરવામાં આવ્યો નથી ?
(અ) ગુજરાતી (બ) હિન્દી
(ક) મરાઠી (ડ) અંગ્રેજી

૭ પબ્લિક સેકટરમાંથી સરકારના હિસ્સાના ઘટાડાને શું કહેવાય છે ?
(અ) ખોટ (બ) લાભ
(ક) દેવાળું (ડ) વિનિવેશ

૮ બંધારણની આઠમી સૂચિમાં કઈ ભાષાઓ પાછળથી ઉમેરાઈ?
(અ) મણીપુરી, કોંકણી, નેપાળી (બ) બંગાળી, કોંકણી, ગુજરાતી
(ક) સંસ્કૃત, મરાઠી, ગુજરાતી (ડ) રાજસ્થાની, ગુજરાતી ઉર્દૂ

૯ ભારતના બંધારણ પર સર્વાધિક પ્રભાવ કોનો છે?
(અ) ગ્રેટ બ્રિટનના બંધારણનો (બ) અમેરિકાના બંધારણનો
(ક) રશિયાના બંધારણનો (ડ) ભારતીય શાસન અધિનિયમનો

૧૦ દેશનું બજેટ કોણ તૈયાર કરે છે?
(અ) લોકસભા (બ) રાજયસભા
(ક) મંત્રીમંડળ (ડ) રાષ્ટ્રપતિ

૧૧ નીચેનામાંથી મંત્રીમંડળના કયા સભ્યો બીજી હરોળના મંત્રી છે ?
(અ) કેબીનેટ મિનિસ્ટર (બ) રાજયકક્ષાના મંત્રી
(ક) ડેપ્યુટી મિનિસ્ટર (ડ) ઉપરમાંથી કોઈ નહીં

૧૨ રાજયના રાજયપાલની નિવૃત્તિ વય કેટલી છે?
(અ) ૫૮ વર્ષ (બ) ૬૦ વર્ષ
(ક) ૬૫ વર્ષ (ડ) હોતી નથી

૧૩ રાજયપાલ કોની મરજી હોય ત્યાં સુધી હોદ્દા પર રહી શકે છે?
(અ) મુખ્યમંત્રી (બ) રાષ્ટ્રપતિ
(ક) વડાપ્રધાન (ડ) લોકસભા અધ્યક્ષ

૧૪ નીચેનામાંથી કયા સદનના અધ્યક્ષ તે સદનના સભ્ય નથી?
(અ) લોકસભા (બ) રાજયસભા
(ક) વિધાનસભા (ડ) વિધાન પરિષદ

૧૫ ભારતની ત્રણેય લશ્કરી પાંખોના વડા કોણ છે ?
(અ) સંરક્ષણ મંત્રી (બ) વડાપ્રધાન
(ક) ગૃહ સચિવ (ડ) રાષ્ટ્રપતિ

### વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

- ૧ જાન્યુઆરી :
  - નૂતન ખ્રિસ્તી વર્ષ
  - આર્મી મેડિકલ કોર સ્થાપના દિવસ
  - મહાત્મા ગાંધીના અંગત સચિવ મહાદેવદેસાઈનો જન્મદિવસ (૧૮૯૨)
  - ક્વૉન્ટમ ફીઝીક્સના જ્ઞાતા વૈજ્ઞાનિક સત્યેન્દ્ર બોઝનો જન્મદિવસ (૧૮૯૪)
- ૨ જાન્યુઆરી :
  - ભારતના પૂર્વ રેલમંત્રી લલિત નારાયણની પુણ્યતિથિ (૧૯૭૫)
  - યુનાઈટેડ સ્ટેટ્સા આઈઝેક આસીમોવનો જન્મદિવસ (૧૯૨૦)
  - ગુજરાતી સાહિત્યના ગઝલકાર બરકત અલી ગુલાબ હુસૈન વિરાણીનું નિધન (૧૯૯૪)
  - શિવાજી મહારાજના ગુરુ રામદાસની પુણ્યતિથિ (૧૬૮૧)
- ૩ જાન્યુઆરી :
  - ઈસરોના પૂર્વ ચેરમેન સતિષ ધવનનું નિધન (૨૦૦૨)
  - જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા સાહિત્યકાર રાજેન્દ્ર શાહનું નિધન (૨૦૧૦)
  - ઈટલીના માર્કસ સિસેરોની જન્મજયંતિ (૧૯૦૬)
  - 'ધ ઈલેસ્ટ્રેડ વિકલી ઓફ ઈન્ડિયા'નો પ્રથમ અંક મુંબઈમાં પ્રકાશિત થયો (૧૮૮૦)
- ૪ જાન્યુઆરી :
  - મ્યાનમારનો સ્વતંત્રતા દિવસ
  - ગોવર્ધનરામ ત્રિપાઠીની પુણ્યતિથિ (૧૯૦૭)
  - ચક્ષુહિનોના તારણહાર લૂઈ બ્રેઈલનો જન્મદિવસ (૧૮૦૯)
  - દુબઈ ખાતે આવેલ ઊંચી ઈમારત બુર્જ ખલીફાનું ઉદ્‌ઘાટન (૨૦૧૦)
- ૫ જાન્યુઆરી :
  - અભિનેતા મુકરીનો જન્મદિવસ (૧૯૨૨)
  - બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીનો જન્મદિવસ (૧૯૫૫)
  - સશસ્ત્ર ક્રાંતિકારીઓની ફોજ ઊભી કરનાર બારીન્દ્ર ઘોષનું જન્મદિવસ (૧૮૮૦)
  - ભારતમાં કેન્દ્રીય વેચાણકાર (સેલ્સ ટેક્સ) અમલમાં આવ્યો (૧૯૫૭)
- ૬ જાન્યુઆરી :
  - ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ કપ્તાન કપિલદેવનો જન્મદિવસ (૧૯૫૯)
  - સંગીતકાર અલ્લારખાંની પૂણ્યતિથિ (૧૯૬૭)
  - ફિલોસોફર અને સાહિત્યકાર, વિચારક ખલીલ જિબ્રાનનો જન્મદિવસ (૧૮૮૩)
  - ઝીણાભાઈ દેસાઈ (સ્નેહરશ્મિ)ની પુણ્યતિથિ (૧૯૯૧)
- ૭ જાન્યુઆરી :
  - જમશેદ મહેતાની જન્મજયંતિ (૧૮૬૮)
  - વિજય તેંડુલકરની જન્મજયંતિ (૧૯૨૦)
  - ગુજરાતની અભિનેત્રી સુપ્રિયા પાઠકનો જન્મદિવસ (૧૯૬૧)
  - હેન્રી મિલે ટાઈપરાઈટરને પેટન્ટ કરાવ્યું (૧૭૧૪)

**ગયા સપ્તાહના સવાલનો જવાબ**

બિહારના ઉપ મુખ્યમંત્રી તરીકે કાની નિયુક્તિ કરવામાં આવી છે?
જવાબ : તારકિશોર પ્રસાદ અને રેણુ દેવી

**સાચા જવાબ આપનાર પત્રમિત્રો**

(૧) ઋજિત રાવલ : સે-૭ડી (૨) નટુભાઈ દરજી : પેથાપુર (૩) મહેશ એમ જાદવ : રાયસણ (૪) વિશાલ પટેલ : સે-૩ ન્યૂ, (૫) હાર્દિક ભટ્ટ : સે-૨૪ (૬) જયેન્દ્ર પ્રસાદ પાઠક : ઈન્ફો. જુ.સા. કૉલેજ (૭) મૂળજીભાઈ પરમાર : સે-૭ (૮) મીત પી પટેલ : સે-૨૩

**આ સપ્તાહનો સવાલ**

તાજેતરમાં કયા રાજયમાં જનતા દળ(યુ)ના ધારાસભ્યો ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા.

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# નવા વર્ષના પ્રથમ દિવસે



હળવે હૈયે
પ્રકાશ લાલા

કવિ બાલમુકુંદ દવેની પંક્તિઓ યાદ આવે છે :
'નવી સાલ પૂછે જતી સાલને કે
કેહી શકે તું શું થશે હાલ મારા ?
નજર ને જુકાવી જતી સાલ બોલી :
મને તો સુણાયે દુબારા દુબારા !'
આજે પહેલી જાન્યુઆરી, ૨૦૨૧...

નવા વર્ષના શુભારંભનો દિવસ. સૌને 'હેપ્પી ન્યુ ઈયર' વિશ કરવાનો સપરમો દહાડો. નવું વર્ષ કેટલી આશાઓ - અરમાનો લઈને આવતું હોય છે... જો કે ૨૦૨૧ના પ્રથમ પ્રભાતે - સોનેરી સવારે આપણે સૌની એક જ આશા - અપેક્ષા છે કે 'હે નવી સાલ ન્યુ ઈયર, તું વીતેલા વર્ષ જેટલું આકરું ન હજો... ૨૦૨૦ જેવું દુઃખભર્યું - પીડાદાયક ન થજે.... મતલબ કે જઈ રહેલું વર્ષ - જતી સાલ કવિ શ્રી બાલમુકુંદ દવેએ લખ્યું છે તેમ 'મને તો સુણાયે દુબારા... દુબારા...' જેવું હરગિઝ ન હો... બલકે, કહી શકે તું શું થશે હાલ મારા? એવા વર્ષ ૨૦૨૧ના પ્રશ્નના વિદાય લઈ રહેલા ૨૦૨૦ના વર્ષે કહ્યું હોય કે, મને તો લાગે છે હાલતમાં થશે જરૂર સુધારા સુધારા...'

આપણે સૌ - સમગ્ર જગત ઈચ્છે છે કે હવે કોરોનાથી મુક્તિ મળે... ફરી ભયમુક્ત, પૂર્વવત જીવન જીવતા થઈએ પરંતુ ખો-ખોની રમતમાં એક ખેલાડી બીજાને 'ખો' આપતો હોય છે કે 'રીલે-રેસ'માં એક દોડવીર બીજાને બેટન - લાકડી પકડાવી એને દોડતો કરી પોતે ખસી જાય છે... એવં થયુ છે... ૨૦૨૦ પૂરું થવા ટાણે જ 'કોવિદ-૧૯' એ કોવિડ-ના નવા ટ્રેઈનને 'ખો' આપી છે કે 'રીલે-રેસ' ની જેમ દોડતો કર્યો છે.

આપણે આશા રાખીએ કે, આ 'ખો-ખો' ની રમત ઈશ્વર રૂપી અમ્પાયર હવે જલ્દી કહી દે કે 'ટાઈમ ઈસ અપ' રમતનો સમય પૂરો થઈ ગયો - રમત પૂરી... જો કે ત્યાં સુધી તો નવા વર્ષનાં ય, સંપૂર્ણ કાળજી તકેદારી સાથે જીવતા રહી, ગાતા રહેવું પડશે કે - 'દુઃખ હો યા સુખ બંદા તો હરદમ રહેતા ખુશ'

●●●

રણમાં રેતીનું તોફાન આવે ત્યારે શાહમૃગ પક્ષી જમીનમાં પોતાનું માથું ખોસી દે છે... તોફાન-વાવાઝોડું-આંધી એની ઉપરથી પસાર થઈ જાય છે અને શાહમૃગ માને છે કે આંધી-તોફાન આવ્યાં જ નથી !! શિયાળાની કડકડતી ઠંડીમાં, સવારે રજાઈણાં ગોટમોટ થઈને સુતેલી વ્યક્તિને ઘરવાળા ઊઠાડે કે, 'જાગો, સવાર થઈ' તો એ રજાઈને માથા ઉપરવ વધારે ખેંચી - ઢાંકીને કહેશે કે 'હજી તો અંધારું છે... સવાર કયાં પડી છે?' ભાઈ સાહેબે આંખો ઉપર ઓઢ્યું હોય એટલે માની લે છે કે હજી અજવાળું નથી દેખાતું તો સવાર કયાંથી પડી હોય ?' માણસની આવી પ્રવૃત્તિ અને વૃત્તિને શું કહીશું.

'શાહમૃગ વૃત્તિ' કે 'રજાઈ-ગોદડા વૃત્તિ?' વાત હસવાની કરી પણ જીવનમાં શાહમૃગ વૃત્તિ ન ચાલે... સંકટ-મુશ્કેલીરૂપી આંધી-તોફાનમાં મોં સંતાડવાથી કશું થતું નથી... બહાદુરીપૂર્વક અને વિચાર-આયોજન પૂર્વક મુશ્કેલીનો સામનો કરવો જ પડે છે. જીના ઈસીકા નામ હે.... કેમ કે 'દુનિયા મેં હમ આયે હૈ તો જીના હી પડેગા, જીવન હે અગ ઝહર તો પીના હી પડેગા...' માટે કોઈકે સરસ લખ્યું છે કે 'જીરવી લઈએ ઝેર જીવનમાં ચાલો શંકર શંકર રમીએ....'

●●●

કવિ કલાપીએ લખ્યું છે : 'જે પોષતું તે મારતું,
એ ક્રમ નથી શું કદરતી?'

હા.... ભગવાન જ બધા જીવોને સર્જે છે, પોષે છે અને મારે છે... બ્રહ્માજી સર્જન કરે છે, વિષ્ણુ ભગવાન એ સર્જનોને પોષે છે. અને શંકર ભગવાન સંહાર કરે છે... આ પોષનારા પ્રભુએ જ માનવજાતને મારવા - આપણને પાઠ ભણાવવા 'કોરોના' મોકલ્યો ને? જે પોષતું તે મારતું ના ન્યાયે... એના પરિણામે ઘણા જાનથી ગયા, ઘણા માલથી કહેતા તબિયત, પૈસા ધંધા રોજગારથી માર્યા છે!!

પણ સામે 'જે મારતું તે પોષતું' એવું ય હાલની પરિસ્થિતિમાં જોવા મળે છે... કઈ રીતે તે કહું... મારનારા 'કોરોના' કાળમાં સેનિટાઈઝર્સ, માસ્ક, દવાઓ, ઉકાળા-કાઢા, ઈમ્યુનિટી બુસ્ટર પીણાં ને ટેબલેટ્સ વગેરેના પ્રોડક્ટસમાં પડી, સમયનો લાભ લઈ પોષાયા પણ છે - પોષાઈ રહ્યા છે. આજથી 'ન્યુ નોર્મલ' પરિસ્થિતિમાં નવા આઈડિયા સાથે નવું કરીને પોષણ મેળવી રહ્યા છે તેથી જ કહેવું પડે કે 'જે મારતું એ જ પોષતું!!'

●●●

સર્જન અને વિસર્જન કુદરતી પ્રક્રિયા છે... પ્રકૃતિનો નિયમ છે, કબૂલ... પ્રકૃતિમાં સતત સર્જન થતું રહે છે... ને સાથે વિસર્જન પ્રક્રિયા પણ ચાલતી હોય છે...

આપણે ય કુદરતના આ નિયમને બરાબાર અપનાવ્યો છે.... એક એજન્સી દ્વારા સરસ રોડ બનાવાય છે. પછી બીજી એજન્સી એના કામ માટે (લાઈટ - ગેસ - ટેલિફોન - પાણી - ગટર) પોતાના કામ માટે એ નવા રોડને સહજતાથી તોડી નાખે છે - માટે જ કહી શકાય કે

'સર્જન અને વિસર્જનનો નિયમ અહીં સચવાય છે, પહેલા બને છે રોડ પછી એ ખોદકામ - તોડાય છે!!'